CIIL- KVS MOTHERTONGUE SERIES

# Apni Boli

# ગુજરાતી પાઠ્યપુસ્તક

પુસ્તક પહેલું

—ડૉ. શ્રીમતી ઉષા નાયર



સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન લેંગ્વેજીસ મ્હૈસૂર ૬.

CIIL-KVS Mother-tongue Series.
APNI BOLI

# આપણી બોલી

## ગુજરાતી પાઠ્યપુસ્તક

### પુસ્તક પહેલું

સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડિયન લેંગ્વેજીસ
મ્હૈસુર. PRICE RS. 2-20

# અનુક્રમણિકા




સલાહકાર :

ડૉ. દેવીપ્રસન્ન પટ્ટનાયક

ડૉ. બાલગોવિંદ મિશ્રા

ડૉ. તિરૂમલાઈ

લેખિકા :

ડૉ. શ્રીમતી ઉષા નાયર

પાઠ પહેલો

# લોભિયો અને નાળિયેર



એક હતો લોભિયો. તેનું ખરું નામ હતું વૈરાગી. નામ વૈરાગી પણ સ્વભાવે લોભિયો. એટલે લોકો તેને લોભિયો કહીને જ બોલાવતા. આ લોભિયાને એકવાર નાળિયેર ખાવાનું મન થયું. મન થતાં જ તે થયો તૈયાર અને ઊપડયો બજારમાં. ગયો સીધો કરિયાણાની દુકાને.

'કેમ ભાઈ ! નાળિયેર કેમ આપ્યું ?' લોભિયાએ પૂછ્યું.

દુકાનદારે કહ્યું. 'રૂપિયે'.

'રૂપિયે ! એ તો ઘણું મોઘું કહેવાય. ૭૫ પૈસે ના મળે ? લોભિયાએ ભાવતાલ કરવા માંડયો.

દુકાનદારે ઠંડા કલેજે કહ્યું. '૫૭ પૈસે જોઈતું હોય તો બાજુના ગામે જાઓ.'


લોભિયો તો ઊપડયો બાજુના ગામે. નાળિયેર વેચનાર પાસે જઇ એક સારું એવું મોટું નાળિયેર લઇ પૂછ્યું, 'આ નાળિયેરની શી કિંમત છે?' જવાબ મળ્યો, 'પચાસ પૈસા'.

'પચીસ પૈસે ના મળે ?' લોભિયાએ પોતાની ટેવ મુજબ રકઝક શરૂ કરી. છેવટે કંટાળીને વેચનારે કહ્યું, 'અરે, પચીસ પૈસે શું મફત પણ મળે. ચાલ્યા જાએ પેલી નાળિયેરીના વનમાં.'

આ સાંભળીને રાજી થતો લોભિયો નાળિયેરીના વનમાં ગયો. એક સારી નાળિયેરી ઉપર ઝડપથી ચઢયો. એક મોટું નાળિયેર પકડયું. પણ કમનસીબે આ બાજુ નાળિયેર પકડયું અને પેલી બાજુ થડેથી તેના પગ છટકયા. લોભિયાભાઈ પડયા લટકી. હવે.

નસીબયોગે ત્યાંથી એક ઊંટવાળો નીકળ્યો. ઊંટસવારને લટકતા લોભિયાની દયા આવી. તે ઊંટ ઉપર ઊભો થયો અને લોભિયાના પગ ઝાડ પર ટેકવા લાગ્યો. ત્યાં તો ઊંટ ભડકયું ને જીવ લઇને ભાગ્યું. હવે ઊંટવાળો પણ લટકયો.

ત્યાં એક ઘોડેસવાર નીકળ્યો. બંનેની દયનીય દશા જોઇને તે તેઓની મદદ કરવા ગયો. તે ઘોડાપર ઊભો થયો અને તેણે ઊંટવાળાના પગ પકડયા. ત્યાં તો ઘોડો ભડકયો અને ભાગ્યો. ઘોડાવાળો પણ લટકયો. ત્રણેના ભારથી નાળિયેર તડાક દઇને તૂટી પડયું. ત્રણે જોરથી ભોંયે પછડાયા. લોભિયો સૌથી વધુ ઊંચાઇએથી પડયો. તેનાં તો હાડકાં ખોખરાં થઇ ગયા તે દિવસથી લોભિયાભાઇ ખરેખર વૈરાગીભાઇ બની ગયા અને તેમણે લોભ કરવાનું છોડી દીધું કહે છે ને 'અતિ લોભ તે પાપનું મૂળ'.



## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

| | | | |
|---|---|---|---|
| વૈરાગી | કરિયાણું | કમનસીબે | નસીબયોગે |
| લોભિયો | છટકવું | ભડકવું | ભોંય |

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દો લઈ નીચે આપેલાં વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો :—

૧. ………નાળિયેર ખરીદવા ગયો. ( દુકાનદાર–ઊંટવાળો–લોભિયો )

૨. ………કહ્યું, 'રૂપિયો'. ( ઘોડેસવારે–લોભિયાએ–દુકાનદારે )

૩. લોભિયો ગયો નાળિયેરીના……… ( ગામમાં–વનમાં–બાગમાં )

૪. ………ભડક્યું અને ભાગ્યું. ( ઊંટ–ઘોડો–લોભિયો )

૫. ………બંનેની મદદ કરવા ગયો. ( ઊંટવાળો–વેચનાર–ઘોડેસ્વાર )

પ્રશ્ન ૨. નીચે આપેલા શબ્દો તમારાં વાક્યોમાં વાપરી બતાવો :–

૧. લોભિયો
૨. કિંમત
૩. નાળિયેર
૪. દુકાનદાર
૫. વન

પ્રશ્ન ૩. આપેલા શબ્દોના સમાન અર્થવાળા બીજા શબ્દો આપો. –

૧. ભાવ
૨. દુકાનદાર
૩. જવાબ
૪. આઠ આના
૫. લટકવું

## પાઠ બીજો

# સ્વચ્છતા

( બચુની બા અભણ છે. તે રડતા બચુને લઇ શેરીમાં રમતાં બાળકો પાસે આવે છે. )

બચુની બા : અલ્યા કાંતિ ! મારા બચુને તમારા સાથે કેમ રમાડતા નથી ?

બાળકો : અમે નહીં રમાડીએ. તે બહુ ગંદો અને ધળવાળો છે.

નાની રમા : જુઓને તેનાં કપડાં કેટલા ગંદા છે.

રમેશ : તેના નખ તો જુઓ. કેટલા બધા વધી ગયા છે. અને તેમા મેલ પણ કેટલો ભરેલો છે.

ગીતા : તે બોલે છે તો મોંમાંથી કેટલી ગંદી વાસ આવે છે.

નાનો પરેશ : હું તો તેની પાસે પણ બેસું, તે કેટલો ગંધાય છે.

પ્રીતિ : તમે બધાં હવે ચુપ રહેશો. (ફરીને) માશી, તમે બચુને સાફ કેમ નથી રાખતા ?

બચુની બા : ભઇ, મોં સુઝણે નોકરી કરવા જઇએ તે ઠેઠ સાંજે વેર આવીએ.
અમને વળી અભણ માણસોને ગંદા–સાફમાં શું ગમ પડે ?

પ્રીતિ : પણ બચુ તો મોટો છે. નિશાળે પણ આવે છે. તે જાતે પણ સાફ રહી શકે.

નાની રમા : અમારાં બહેન કહેતાં હતાં કે તમારે રોજ સવારે દાંતણ પાણી કરી દાંત સાફ રાખવા જોઇએ.

નાનો પરેશ : હા, પછી ચોખ્ખા પાણીથી નહાવું જોઇએ. ઘસીને ચોખ્ખા ટુવાલથી શરીર લુછવું જોઇએ.

નાની રમા : અને સાફ કપડાં પહેરવાં જોઇએ.

ગીતા : કંઇપણ ખાતાં પહેલાં સ્વચ્છ પાણીથી હાથ ધોવા જોઇએ. નખમાં ભરાયેલો મેલ ખાવા સાથે પેટમા ન જવો જોઇએ. જો પેટમાં જાય તો તેની સાથે અનેક જાતનાં જંતુઓ પણ પેટમાં જાય. જાતજાતની બિમારી લાવે.

નાની રમા : જંતુ પેટમાં જાય તો પેટમાં દુઃખે. માંદુ પડાય અને ખાટલામાં સુઇ રહેવું પડે.

નાનો રમેશ : અને ડોકટર આવી મોટી સોય મારે. કડવી દવા પાય. રમવા પણ જવાય.

ગીતા : એટલે બધાને નખ સાફ રાખવા જોઇએ. નિયમિત રીતે તેને કાપવા જોઇએ. એટલું જ નહીં ઘરમાં પણ બધું વાળી ઝાડી સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવું જોઇએ.

પ્રશ્ન ૪. પુછેલા પ્રશ્નોના ઉત્તર આપો :–

1. વાર્તાનું શીર્ષક શું છે ?
2. લોભિયો શું લેવા ગયો ?
3. દુકાનદારે તેને શું કહ્યું ?
4. મફતમાં નાળિયેર લેવા તે ક્યાં ગયો ?
5. છેલ્લે શું થયું ?
6. આ વાર્તા ઉપરથી આપણને શો બોધ મળે છે ?

પ્રશ્ન ૫. નીચે આપેલા ઉદાહરણને આધારે બાકીનાં વાક્યોને બદલો :–

1. એક **લો**ભિયો નાળિયેર ખરીદવા ગયો.
   એક લોભિયો નાળિયેર ખરીદવા જાય છે.

   ____________________________
2. લોભિયો તો ગયો બાજૂના ગામમાં.

   ____________________________
3. લોભિયો ગયો નાળિયેરીના વનમાં.

   ____________________________
4. એટલામાં એક ઘોડેસ્વાર આવ્યો.

   ____________________________

પ્રશ્ન ૬. તમારા શબ્દોમાં સમજાવો.

1. ભાવતાલ
2. રકઝક કરવી
3. કમનસીબે
4. નસીબયોગે
5. હાડકાં ખોખરાં થવાં
6. અતિ લોભ તે પાપનું મૂળ.

૩. તેં તારા **કપડાં** ધોઈ લીધાં ?

૪. તારી બા કેટલા વાગે **ખાવા** બેસે છે ?

૫. જો તો, તેનું શરીર કેટલું મેલું છે !

૬. ઘરડા ડૉસાને કંઇક **બિમારી** થઇ છે.

**પ્રશ્ન ૩.** નીચે આપેલાં વાકયોમાં નીચે લીટી દોરેલા શબ્દોની જગ્યાએ વિરુદ્ધ અર્થવાળા શબ્દો મૂકી જ્યાં જરૂર હોય ત્યાં તે પ્રમાણે ફેરફાર કરીને વાયોને ફરીથી લખો :–

૧. ગીતા રોજ વહેલી **સૂઇ** જાય છે.

૨. તેના છોકરા **નિયમિત રીતે** નિશાળે જાય છે.

૩. બાળકો તેમનો ઓરડો હંમેશાં **વ્યવસ્થિત** રાખશે.

૪. લાલ દવા ઘણી **કડવી** લાગી.

૫. રોજ સ્વચ્છ થઇ રમવાં **જવું**.

૬. મારા પાડોશી ચાર દિવસથી **માંદા** છે.

**પ્રશ્ન ૪.** નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

૧. પાઠમાં કયા વિષય ઉપર ચર્ચા થઇ છે ?

૨. બચુ કેમ રડતો હતો ?

૩. બાળકો બચુ સાથે કેમ રમતાં ન હતાં ?

૪. બધાએ સ્વચ્છ રહેવા શું કરવું જોઇએ ?

૫. નખમાં મેલ હોય તો શું થાય ?

૬. તમે માંદા પડો તો શું થાય ?

**પ્રશ્ન ૫.** સ્વચ્છ અને તંદુરસ્ત રહેવા બધાએ શું કરવું જોઇએ તે તમારા શબ્દોમાં લખો.

**પ્રશ્ન ૬.** નીચે આપેલા શબ્દોને વાકયોમાં વાપરી બતાવો.

મેલ    જંતુ    તંદુરસ્તી    વ્યવસ્થિત    સ્વચ્છતા

પાઠ ત્રીજો

# નહેરૂ ચાચા



મિત્રો, અમારા દીવાનખાનામાં સુંદર ફ્રેમમાં એક છબી લટકી રહી છે જાણો છો તે છબી કોની છે ? તે અમારા લાડલા ચાચા નહેરૂની. જુઓ, કૂવા કેવા હસી રહ્યા છે ચાચા ? અને અચકનમાં ખોસેલું ગુલાબનું ફૂલ તો જુઓ. ચાચાનું સામીપ્ય પામી ફૂલ ધન્ય થઈ હસી રહ્યું છે !

ચાચાને જેમ હસતું ગુલાબનું ફૂલ પ્યારૂ તેમ હસતાં બાળકો પણ ખૂબ વહાલાં. ચાચા અને બાળકોની તો અનેક રમુજી વાતો છે તેમાંની એક વાત કહું.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. હસતા હસતા ચાચા બાળકોને મળવા આવ્યા. ચારેબાજુ રમતા કિલકિલાટ કરતાં બાળકો ચાચાને જોઇ કિલકારીઓ મારતાં ચાચાને વીંટળાઈ વળ્યાં. ચાચાને તેમનાં હાસ્યમાં પોતાનો સૂર પુરાવ્યો. નવી નવી રમુજની વાતો કહીને તેમને વધુ હસાવવા લાગ્યા. જ્યારે જવાનો સમય થયો ત્યારે પોતાના ગળામાંની ફૂલની માળા કાઢી. તેમાંથી ફુલો છુટાં કર્યાં ને બાળકોને વહેંચી આપ્યાં.

તે સમયે અચાનક તેમનું ધ્યાન એક ખૂણામાં ઊભેલી છોકરી તરફ ગયું. તે ઉદાસ ચહેરે કંઈ પણ બોલ્યા વગર બધુ જોતી ઊભી હતી. ચાચાએ તેને બોલાવવા પ્રયત્ન કર્યો. પણ તે બોલી નહીં. હસાવવા પ્રયત્ન કર્યો. પણ તે હસી નહીં. હવે તો ચાચાએ કમર કસી અને નક્કી કર્યું – છોકરીને હસાવું તો જ હું ખરો. ઘણા પ્રયત્નોના અંતે તેમના ફળદ્રુપ ભેજામાં એક રમુજ ઊગી આવી, તરત જ તેમણે પોતાના ખિસ્સામાથી કાંસકો કાઢયો, બધાં કંઈ જાણે, સમજે ત્યાં તો તેમણે જોયું કે અવનવી અદાથી ચાચા પોતાના ટાલિયા માથા પર કાંસકો ફેરવી રહ્યા છે, તે જોઈ બધાં બધાં બાળકો ખડખડાટ હસી પડયાં, સાથે પેલી બાળકી પણ,

તો આવો હતો ચાચાનો પ્રયેત્નો પ્યાર, તેમનો પ્રેમ પશુ–પક્ષી અને પુષ્પો ઉપર પણ વરસતો, આપણા વહાલા ચાચાને જ્યારે જ્યારે જેલવાસ મળ્યો ત્યારે ત્યારે તેમણે જેલમાં પણ

ફૂલોથી હસતો બાગ ઊભો કર્યો. જેલમાં મળતાં તેમના ભોજનના તેઓ પોતે જ નહીં પણ પશુ–પંખી અને જંતુઓ પણ ભાગીદાર ગણતાં. આ બધી વાતોનો રમૂજી ઉલ્લેખ તેમણે પોતાની આત્મકથામાં પણ કર્યો છે.

ભારતના પ્રધાનમંત્રી, સ્વાતંત્ર્યની લડતના વીર સેનાની અને બાળકોના ચાચા નહેરૂ પરદેશી બાળકો માટે પણ એટલા જ વહાલા હતા. વિદેશી બાળકો આજે પણ ચાચા નહેરૂએ મોકલેલા મદનિયાની ભેટને ભૂલ્યાં નથી.

આવા ચાચાનો જન્મદિવસ છે ૧૪ મી નવેમ્બરે. તે દિવસને આખો દેશ 'બાળદિવસ' તરીકે ઊજવે છે. તે દિવસે ચિત્રકળાની હરિફાઇઓ પણ ગોઠવાય છે અને બાળકોને ઇનામ અપાય છે. તમે પણ ચાચા નહેરૂને નામે કંઇ કરશો !

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

સામીપ્ય  અચકન  રમૂજી  સૂર પુરાવવો  ઉદાસ  ચહેરો

કમર કસવી  અવનવી  અદા  લડત  સેનાની  ફળદ્રુપ

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. નીચે આપેલાં વાકયોની ખાલી જગ્યાઓ પૂરો :—

૧. જૂઓ, કેવા—— રહ્યા છે——?

૨. તેમ હસતાં—— પણ ખૂબ વહાલાં.

૩. હસતા—— —— બાળકોને મળવા આવ્યા.

૪. હવે તો ચાચાએ—— કસી.

૫. તેમનાં ભોજનમાં પશુ—— અને —— ભાગીદાર ગણાતા.

૬. —— નવેમ્બરને આખો દેશ —— તરીકે —— છે.

પ્રશ્ન ૨. નીચે થોડી શબ્દોની જોડ આપેલી છે. પણ તે ભૂલથી ઉપર નીચે થઇ ગઇ છે તો તેને શોધીને ફરીથી લખો.

| | |
|---|---|
| ચિત્ર | દિવસ |
| પ્રધાન | ચહેરે |
| નહેરૂ | માથું |
| બાળ | મંત્રી |
| ઉદાસ | ચાચા |
| ટાલિયું | કળા |

ઉદાહરણ : ચિત્રકળા

પ્રશ્ન ૩. નીચે આપેલા શબ્દોનો અર્થ સમજાવો.

૧. વીંટળાયેલું ૩. રમૂજી રીતે

૨. ખડખડાટ હસવું ૪. કમર કસવી.

૫. સૂર પુરાવવો.

પ્રશ્ન ૪. કૌંસમાં આપેલા શબ્દોનો યોગ્ય ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો :-

૧. બાળકોને ચાચા બહુ (વહાલું)

૨. ચાચા બાળકોને હસાવી (રહેવું) હતા.

૩. હસાવવાનો ઘણો પ્રયત્ન (કરવું)

૪. કાંસકો માથા પર ફેરવવા (માંડવું)

૫. ગુલાબનું ફૂલ એમને બહુ (ગમવું)

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દોને વાક્યોમાં વાપરી બતાવો :-

સામીપ્ય ફળદ્રુપ અવનવું લડત સેનાની રમૂજી ઉદાસ ચહેરો

પ્રશ્ન ૬. પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો :–

૧. પાઠમાં કોની વાત કરવામાં આવી છે ?

૨. તેમને કોણ બહુ વહાલાં હતાં ?

૩. તેમણે બાળકોને શું વહેંચી આપ્યું ?


૪. ચાચાએ પેલી છોકરીને કેવી રીતે હસાવી ?

૫. ચાચા જેલમાં ભોજન કોની સાથે વહેંચીને ખાતા ?

પ્રશ્ન ૭. તમે ચાચા નહેરૂ વિષે કંઇ જાણો છો ? જો જાણતાં હો તો તમારા શબ્દોમાં તેના વિષે લખો. ( વધુમાં વધુ ૧૫ લીટીઓ )

પાઠ ચોથો

# કરોળિયો



કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય,
વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.
મહેનત તેણે શરૂ કરી, ઉપર ચડવા માટ,
પણ પાછો હેઠે પડયો, ફાવ્યો નહિ કો ઘાટ

એ રીતે મંડયો રહ્યો, ફરી ફરી બે-ત્રણ વાર,
પણ તેમાં નહીં ફાવતાં, ફરી થયો તૈયાર,
હિંમત રાખી હોંશથી, ભીડયો છઠ્ઠી વાર,
ધીરજથી જાળે પહોંચ્યો તે નિરધાર.

ફરી ફરીને ખંતથી યત્ન કર્યો નહિ હોત-
ચગદાઇને પગ તળે, મરી જાત વણ-મોત,
એ રીતે જે માણસો, રાખી મનમાં ખંત,
આળસ તજી મહેનત કરે, પામે લાભ અનંત.

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

ભોંય   તાંતણો   હેઠે પડવું   ખંત   વણ મોત

ઘાટ   ભીડવું   હોંશ   નિરધાર   ચગદાવું

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. પૂછેલા પ્રશ્નોના કવિતાના આધારે ઉત્તર આપો :–

૧. કવિતામાં કોનું વર્ણન કરવામાં આવ્યું છે ?

૨. તે શું કરી રહ્યો છે ?

૩. તેણે જાળ બનાવવા કેટલીવાર પ્રયત્ન કર્યા ?

૪. કયા ગુણોને લીધે તે જાળ બનાવી શક્યો ?

૫. આ કવિતા આપણને શો બોધ આપે છે ?

પ્રશ્ન ૨. નીચે આપેલા શબ્દોના સમાન અર્થવાળા બીજા શબ્દો આપો :–

૧. ભોંય (જમીન)

૨. હેઠે

૩. મંડયો રહ્યો

૪. નિરધાર

૫. ચગદાવું

પ્રશ્ન ૩. નીચે આપેલી અધૂરી કાવ્યપંક્તિઓને પૂરી કરો :–

૧. કરતાં જાળ કરોળિયો, …………

૨. ……., બાંધ્યો ન કો ઘાટ.

૩. એ રીતે ……., ફરી ફરી ……. સાર,

૪. હિંમત ……., ……. છટ્ઠી ………

૫. ……. તજી મહેનત કરે, ……. :–


પ્રશ્ન ૪. આપેલા કાવ્યનો ટૂંક સાર તમારા શબ્દોમાં લખો.

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :–

તાંતણો   હોંશ   ભીડવું   ખંત   વણમોત   ઘાટ

## પાઠ પાંચમો

# એકતાનું બળ



એક મોટું વન હતું. તેમાં ઊંચાં ઊંચાં વૃક્ષો, મોટા મોટા વેલાઓ અને ગાઢ ઝાડીઓ જ્યાં ને ત્યાં ઊગી નીકળ્યાં હતાં. વચ્ચે વચ્ચે ખુલ્લા મેદાન જેવી નાનકડી જગ્યામાં લીલું લીલું ઘાસ ઊગી આવ્યું હતું. ક્યાંક ક્યાંક સપાટ મેદાન પણ દેખાતું હતું. આ ગાઢ જંગલમાં અનેક પશુ–પંખીઓ સુખ–ચેનથી રહેતાં હતાં.

એક દિવસ એક કબૂતરોનું ટોળું આ વન ઉપરથી ઊડતું જઈ રહ્યું હતું. આ ટોળામાં ઘણાં બધાં કબૂતરો હતાં. થોડાં નાનાં કબૂતરો પણ મોટાઓ સાથે ઊડી રહ્યાં હતાં. એમાંથી એક નાના કબૂતરે નીચે દાણા વેરાયેલા જોયા. તેણે બીજાં કબૂતરોને વાત કરી. દાણા જોઈ બધાં લલચાયાં. ફ ર ર ર.... કરતાં બધાં નીચે ઊતર્યાં અને ખુશીથી ઘુંટરગું કરતાં દાણા ચણવા લાગ્યાં.

આ જગ્યાએ એક પારધીએ ચાલાકીથી જાળ પાથરી હતી. તેણે જ કબૂતરોને ફસાવવા દાણા વેર્યા હતા. કબૂતરોને આની ખબર ન હતી. તેઓ તો સીધાં જ શિકારીની જાળમાં સપડાઈ ગયાં. જાળમાંથી છૂટવા તેમણે ખૂબ જોરથી પાંખો ફફડાવવા માંડી. પણ તેમના ભગીરથ પ્રયત્નો છતાં જાળમાંથી તેઓ છૂટી ન શક્યાં. તેમની બધી મહેનત એળે જવા લાગી.

તેમની આ હાલત જોઈ એક ઘરડા કબૂતરે કહ્યું 'સાંભળો, તમે એકલાં એકલાં પ્રયત્ન કરી તમારી શક્તિ વ્યર્થમાં વેડફી રહ્યાં છો. જો હું કહું તેમ તમે બધાં કરશો તે

આમાંથી છૂટી શકાશે.' તેની વાત સાંભળી સર્વેએ તેની સૂચના પ્રમાણે વર્તવાનું વચન આપ્યું ઘરડા કબૂતરના કહેવાથી બધાએ એક સાથે પ્રયત્ન શરૂ કર્યો. તેમના સંગઠિત પ્રયત્નને લીધે જાળ તેના ખૂંટાઓ સાથે જ ઉખડી પડી. તે લઇ કબૂતરો એક સાથે ઊડયાં.

તે જ સમયે બીજી બાજુથી ખુશ થતો પારધી આવી રહ્યો હતો. જાળ સાથે ઊડી જતાં કબૂતરોને તે આશ્ચર્યથી જોતો રહ્યો. તેણે જોરથી પોતાની લાકડી ફેંકી. પણ કબૂતરો તો આગળ નીકળી ગયાં. તે થોડો સમય તેમની પાછળ પાછળ દોડયો. છેવટે હાથ ઘસતો પાછો ફર્યો.

આ બાજુ કબૂતરોનું ટોળું એક દૂરના સ્થળે ઊતર્યું. ત્યાં ઝાડના થડમાં દર કરીને એક ઉંદર રહેતો હતો. તે ઘરડા કબૂતરનો મિત્ર હતો. ઘરડા કબૂતરનો આવાજ સાંભળી તે બહાર આવ્યો. મિત્રના કહેવાથી તેણે પોતાના તીણા દાંતથી પટાપટ જાળ કાતરી નાંખી. બધાં કબૂતરો બંધનમાંથી મુક્ત થયાં. તેમણે ઉંદરનો ખૂબ આભાર માન્યો ને પાંખો ફફડાવતાં પાછાં ઊડી ગયાં.

આવી રીતે ઘરડા કબૂતરે સમયસૂચકતા વાપરી પોતાનાં સાથીઓને મોતના મોઢામાંથી બચાવ્યાં. ખરું કહ્યું છે કે 'સંપ ત્યાં જંપ.'

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

| | | | | |
|---|---|---|---|---|
| ગાંઠું | સપાટ | સપડાવું | ભગીરથ | પ્રયત્ન |
| એળે જવું | વ્યર્થ | વેડફવું | સંગઠિત | હાથ ઘસતા રહેવું |
| સમય સૂચકતા | મુકત | મોતના મોઢામાંથી | | |

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ લઈ યોગ્ય રૂપમાં ફેરવી નીચે આપેલાં વાકયોની ખાલી જગ્યાઓ પૂરો :–

૧. કબૂતરોનું એક ટોળું (જવું / ખાવું / ફરવું) હતું

**ઉદાહરણ** : કબૂતરોનું એક ટોળું જતું હતું.

૨. છેવટે (નાનું/મોટું/ઘરડું) કબૂતરે કહ્યું.

૩. શિકારી હાથ ઘસતો (પાછું/ઓછું/સીધું) ફર્યો.

૪. ઉંદરે સર્પને બંધનમુક્ત (નાંખવું/કરવું/છોડવું)

૫. નાના કબૂતરે અનાજના (કણ/દાણા/ટુકડા) જોયા.

પ્રશ્ન ૨. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધ અર્થવાળા શબ્દો આપો.

| | |
|---|---|
| ૧. ઊતરવું (ચડવું) | ૨. સપડાવું ....... |
| ૨. ઘરડું ....... | ૪. વેડફવું ....... |
| ૫. બંધન ....... | ૬. મિત્ર ....... |

પ્રશ્ન ૩. નીચે આપેલા દાખલા પ્રમાણે વાક્યો બદલો :–

| | |
|---|---|
| ૧. વન ઉપરથી જતું હતું. | વન ઉપરથી જાય છે. |
| ૨. દાણા ખાવા નીચે ઊતરી પડયાં. | .................... |
| ૩. ભગીરથ પ્રયત્નો કર્યા. | .................... |
| ૪. કબૂતરો એકસાથે ઊડયાં. | .................... |
| ૫. સર્વ બચી ગયાં. | .................... |

પ્રશ્ન ૪. નીચે આપેલા પ્રયોગોને તમારા શબ્દોમાં સમજાવો.

૧. ભગીરથ પ્રયત્નો કરવા.

૨. એળે જવું.

૩. હાથ ઘસતા રહેવું.

૪. મોતના મોઢામાંથી બચવું.

૫. સંપ ત્યાં જંપ

પ્રશ્ન ૫. પૂછેલા પ્રશ્નોના ઉત્તર પાઠના આધારે આપો :–

૧. કબૂતરોનું મોટું ટોળું ક્યાંથી જતું હતું ?

૨. તે બધાં શા માટે નીચે ઊતર્યાં ?

૩. નીચે ઊતર્યાં પછી શું થયું ?

૪. ઘરડા કબૂતરે શો ઉપાય બતાવ્યો ?

૫. તેમનાં બંધન કોણે કાપ્યાં ?

૬. આ પાઠ ઉપરથી તમને શો બોધ મળે છે ?

પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દોને તમારાં વાક્યોમાં વાપરી બતાવો :–

૧. પારધી   ૨. ટોળું   ૩. પ્રયત્ન   ૪. ખૂંટો

૫. સમયસૂચકતા   ૬. વેડફવું   ૭. સંગઠિત   ૮. વ્યર્થ

પ્રશ્ન ૭. ચિત્રોને આધારે પ્રશ્નોના ઉત્તર આપો :–



કબૂતરો શું કરે છે ?

શિકારી શું કરે છે ?






ઉંદર શું કરે છે ?

## પાઠ બીજો

# દિવાળી



ગુજરાતમાં આસો વદ બારસથી કારતક સુદ બીજ સુધી ઉજવવામાં આવતો તહેવાર દીપાવલિ કે દિવાળીના નામથી ઓળખાય છે. દીપાવલિનો અર્થ છે દીપકોની આવલિ અથવા હાર.

દિવાળીનો પહેલો દિવસ એટલે વાઘબારસ. તે દિવસે લોકો ઘરને વાળીઝૂડીને સાફ કરે. નાના-મોટાં બધાં વાસણો ઉટકીને ચકચકતાં કરે. ગામડામાં છાણ લીંપેલી જમીનના પોડાં ઉખેડી આખા ઘરને ફરીથી લીંપે-ગુંપે. એટલે ગામડામાં તેને પોડાંબારસ પણ કહે છે. ધનતેરસે રાત્રે ધનની પૂજા એટલે લક્ષ્મી પૂજન કરે. કાળી ચૌદશે લોકો પૂડલા-ભજિયાં બનાવે અને થોડાં ચોકમાં મૂકી આવે. એ રીતે ઘરમાંથી કકળાટ કાઢે. રાત્રે બા બાળકોને આંખમાં આંજણ આંજે અને કહે. 'કાળી ચૌદશનો આંજ્યો કોઈથી ના જાય ગાંજ્યો'. દિવાળીના દિવસે સૌ નાહી-ધોઈ નવાં વસ્ત્રો પહેરે. ઘરને આંગણે સાથિયા પૂરે. સ્થિતિ પ્રમાણે દરેક ઘરે પકવાન બનાવે. રાત્રે ઘરો નાનાં નાનાં અસંખ્ય દીપકોના પ્રકાશથી ઝળહળી ઊઠે. ફટાકડા, હવાઈ, ફૂલઝરી અને છોકરાંઓના કિલકિલાટથી આખું વાતાવરણ ગુંજી ઊઠે. વેપારીઓ તે દિવસે ચોપડા-પૂજન કરે અને નવા વર્ષે સફળતાની આશા રાખે.

દિવાળીનો બીજો દિવસ એટલે નવું વર્ષ અથવા બેસતું વર્ષ. તે દિવસે પણ ઘરને આંગણે રંગબેરંગી સાથિયા પૂરાય. ગામડાનાં બાળકો વહેલી સવારે શકનનું કંકુ અને મીઠું

આપવા નીકળી પડે 'સબરસ લ્યો, ભાઇ સબરસ લ્યો' ની તેમની બૂમોથી શેરીઓ ગાજી ઊઠે. નાનાં-મોટાં સૌ નવાં વસ્ત્રો પહેરી પોતાના સગાં-સ્નેહીઓને 'નૂતનવર્ષાભિનંદન' અથવા 'સાલમુબારક' આપવા નીકળી પડે. એકબીજાનાં મોઢાં મીઠાં કરાવે. રાત્રે બાળકો ફટાકડાથી વાતાવરણ ભરી દે.

દિવાળીનો છેલ્લો દિવસ તે ભાઈબીજ. તે દિવસે બહેન ભાઇને ભાલે કંકુ-ચોખા ચોડી ઓવારણાં લે. ભાઈ બહેનને પ્રેમના પ્રતીકરૂપે કંઇક ભેટ આપે.

આ રીતે દિવાળી આનંદનો, આશાનો, પરસ્પર પ્રેમનો, સારાં વસ્ત્રો પહેરવાનો મીઠાઈ ખાવાનો ને ફટાકડા ફોડવાનો તહેવાર છે.

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

પ્રશ્ન ૧. કૌસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ લઈ નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગ્યા પૂરો :–

૧. દિવાળીનો પહેલો દિવસ એટલે —— ( ધનતેરસ/કાળીચૌદસ / વાઘબારસ )

૨. ધનતેરસે લોકો —— ની પૂજા કરે. ( લક્ષ્મી / ચોપડા / દીવા )

૩. સ્થિતિ પ્રમાણે ઘરે —— રાંધવામાં આવે ( ફરસાણ / રસોઇ / પકવાન )

૪. —— તે દિવસે ચોપડા-પૂજન કરે છે. ( કંદોઇઓ / વેપારીઓ / છોકરાંઓ)

૫. દિવાળીનો છેલ્લો દિવસ છે ——. ( બેસતું વર્ષ / ભાઇબીજ / અમાસ )

પ્રશ્ન ૨. નીચે આપેલાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દોની જગ્યાએ સમાન અર્થવાળા બીજા શબ્દો મૂકી જ્યાં જરૂર હોય ત્યાં ફેરફાર કરી વાક્યોને ફરીથી લખો :–

૧. **દિવાળી** ગુજરાતીઓને સૌથી મોટો તહેવાર છે.

૨. ઉત્તરે પર્વતોની **આવલિ** ચાલી જતી દેખાઈ.

૩. ગઇકાલે **નવુંવર્ષ** હતું.

૪. મોટાભાઇએ મિત્રોને **સાલમુબારક** કહ્યા.

૫. બાપુજીએ બચુને ફૂલઝરી અપાવી.

પ્રશ્ન ૩. નીચેના શબ્દોના અર્થ સમઝાવો.

૧. દીપાવલિ ૨. વાળીઝુડીને

૩. લક્ષ્મી-પૂજન ૪. ચોપડા-પૂજન

૫. સાથિયા પૂરવા ૬. ઓવારણાં લેવાં

પ્રશ્ન. ૪. પૂછ્યા પ્રમાણે ઉત્તર આપો :-

૧. મીઠાઇઓનાં પાંચ નામ આપો.

૨. ફટાકડાનાં કોઈ પાંચ નામ આપો.

૩. ફરસાણનાં કોઈ પાંચ નામ આપો.

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દોનો તમારા વાકયોમાં ઉપયોગ કરી બતાવો :-

૧. પુડલા-ભજિયાં ૨. કકળાટ

૩. ઝળહળવું ૪. શુકનનું કંકુ

૫. આંજણ ૬. ઉટકવું

પ્રશ્ન ૬. પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો.

૧. દિવાળી કેટલા દિવસનો ઉત્સવ છે ?

૨. તે કયારથી શરૂ થાય છે ?

૩. લોકો કયા દિવસે ઘર સાફ કરે છે ?

૪. વાઘબારસને પોડાંબારસ શા માટે કહે છે ?

૫. વેપારીઓ કયા દિવસે ચોપડા-પૂજન કરે છે ?


૬. દિવાળીના દિવસોમાં બાળકો શું કરે છે ?

પ્રશ્ન ૭. નીચે આપેલા ચિત્રને તમારા શબ્દોમાં વર્ણવો :-

૧.



૨.



૩.




પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દોનો તમારાં વાક્યોમાં ઉપયોગ કરો :-

કકળાટ      ઉટકવું      ઓવારણાં      શુકન      સબરસ

## પાઠ સાતમો

# ગુજરાત




'જય ગોમતી, જય સાબરમતી'
જય બોલો નર્મદામાતની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ,
યશગાથા ગુજરાતની'

આવો, આવા ગૌરવવંતા ગાંધીજીના દેશની આજે વાત કરીએ ગુજરાત મુંબઇની ઉત્તરે અને ભારતના પશ્ચિમ કાંઠે આવેલું છે. પહેલાંના જમાનામાં ખંભાત, સુરત અને ઓખા બંદરને રસ્તે ગુજરાતનો વેપાર ઘણો વિકાસ પામ્યો હતો. ૧૯૬૦ થી ગુજરાત મુંબઇથી જુદું થયું અને 'મહાગુજરાતને નામે જાણીતું થયું. ત્યારથી ગુજરાતના પાટનગર અમદાવાદનો ઔદ્યોગિક દષ્ટિએ ઘણો વિકાસ થયો છે. ખાસ કરી તેના કાપડ ઉદ્યોગનો.

ગુજરાતી પ્રજા મુખ્યત્વે વેપારી પ્રજા છે. બારાની કુદરતી સગવડ હોવાથી તેણે સમુદ્રમાર્ગે ઘણો પરદેશ પણ ખેડેલો છે. તેના વિકસિત ઉદ્યોગ અને વેપાર–ધંધા ને લીધે ભારતના લગભગ દરેક પ્રાંતના લોકો ગુજરાતમાં આવી વસ્યા છે.

ગુજરાતની મુખ્ય ભાષા છે ગુજરાતી. ગુજરાતી પુરુષનો પહેરવેશ છે – 'લાંબો ડગલો, મૂંછો વાંકડી, શિરે પાઘડી રાતી',–ધોતિયું, લાંબો ડગલો અને ટોપી. સ્ત્રીઓનો પહેરવેશ છે આગળ છેડો નાખેલી સાડી. જો કે અત્યારે ઓફિસે જતો વર્ગ અંગ્રેજી પોષાક પહેરે છે. સ્ત્રીઓએ પણ પોતાના પોષાકમાં થોડો ફેરફાર કરેલો છે. ગાંધીબાપુએ ચલાવેલી સ્વદેશી વસ્તુઓની ચળવળ પછી લોકો ખાદી વિશેષ પ્રમાણમાં વાપરે છે.

ગુજરાતના રોકડિયા પાકમાં કપાસ, તમાકુ, તલ અને મગફળી મુખ્ય છે. ધાનમાં ઘઉં, જુવાર, બાજરી, કઠોળમાં ચણા, વટાણા, ચોળા, મગ, મઠ, તુવેર, વગેરે વધુ વપરાય છે. ગુજરાતી સ્ત્રીઓ પાકશાસ્ત્રમાં હોશિયાર ગણાય છે. પહેલાંના જમાનામાં કહેવાતું કે 'સુરતનું જમણ અને કાશીનું મરણ'.

શ્રીકૃષ્ણની કર્મભૂમિના લોકો વેપાર-ધંધા સાથે કળા-કારીગરીમાં પણ રસ લે છે. તેઓના દાંડિયારાસ, ગરબા વગેરે ખાસ ખ્યાતિ પામ્યા છે. આવા ખેતીપ્રધાન તથા ઔદ્યોગિક પ્રાંતે ફક્ત વેપારીઓ અને ધનિકો જ નથી આપ્યા પણ ગાંધી જેવા બાપુ અને વલ્લભભાઇ પટેલ જેવા સરદાર પણ આપ્યા છે. તમે પણ આવા મહાન થવા પ્રયત્ન કરશોને !

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

| | | | |
|---|---|---|---|
| યશગાથા | ચળવળ | કાંઠો | |
| બારું | શેકડિયો પાક | બંદર | |
| ખેડવું | કર્મભૂમિ | ઔદ્યોગિક | પાકશાસ્ત્ર |

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. પાઠના આધારે નીચે આપેલાં વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો :-

૧. ગુજરાત પ્રદેશ મુંબઇની —— અને ભારતના —— આવેલો છે.

૨. પહેલાંના સમયમાં તેનાં મુખ્ય બંદર હતાં ——, —— ને ——

૩. —— થી ગુજરાત 'મહાગુજરાત'ને નામે —— થયું.

૪. અમદાવાદનો —— ઉદ્યોગ ખાસ વિકાસ પામ્યા છે.

૫. ગુજરાતી પ્રજા મુખ્યત્વે —— પ્રજા :-

૬. ગુજરાતી પુરુષનો પહેરવેશ છે ——, —— અને ——.

પ્રશ્ન ૨ આપેલા દાખલા પ્રમાણે વાક્યો બદલો

૧. બંદરને રસ્તે વેપાર વિકાસ પામ્યો હતો.
બંદરને રસ્તે વેપાર વિકાસ પામ્યો ન હતો.

૨. સિન્ધીઓ અહીં આવી વસ્યા હતા.

૩. સ્ત્રીઓએ પોતાના પોષાકમાં ફેરફાર કર્યા છે.

________________________________.

૪. સુરતનું જમણ હજુ વખણાય છે.

________________________________.

૫. લોકો ખાદી વાપરે છે.

________________________________.

પ્રશ્ન ૩. પૂછ્યા પ્રમાણે જણાવો :–

૧. શેકડિયો પાક એટલે શું ?
ગુજરાતના શેકડિયા પાકનાં કોઇ પણ પાંચ નામ આપો.

૨. કઠોળ એટલે શું ?
ગુજરાતમાં ખવાતાં કઠોળનાં કોઇ પણ પાંચ નામ આપો.

૩. ખેતીપ્રધાન દેશ એટલે શું ?
ગુજરાતીઓ કઈ વસ્તુઓની ખેતી કરે છે ? કોઇ પણ પાંચ નામ આપો.

પ્રશ્ન ૪. નીચે આપેલા શબ્દોનો તમારાં વાકયોમાં ઉપયોગ કરી બતાવો :–

૧. ધોતિયું  ૨. કર્મભૂમિ  ૩. પહેરવેશ  ૪. વેપાર-ધંધો  ૫. ઔદ્યોગિક વિકાસ


પ્રશ્ન ૫. પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો :–

૧. ગુજરાતના પાટનગરનું નામ શું છે ?
૨. તેનાં બીજા મુખ્ય શહેરો કયાં છે ?
૩. તેની મુખ્ય નદીઓ કઇ છે ?
૪. 'સુરતનું જમણ અને કાશીનું મરણ' નો અર્થ સમજાવો.
૫. સ્વદેશી ચળવળ કોણે ચલાવેલી ?
૬. ગુજરાતનું 'મહાગુજરાત' નામ કયારથી પડયું ?

પ્રશ્ન ૬. ગુજરાતનો ટૂંકમાં પરિચય આપતાં તમારા શબ્દોમાં દસથી પંદર વાકયો લખો.

પાઠ આઠમો

# આપણો દેશ




બાળકો, આજે આપણે આપણા દેશની વાતો કરીએ. તમે જાણો છો કે આપણી માતૃભૂમિનું નામ ભારત છે. લોકવાયકા પ્રમાણે શૂરવીર રાજા ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડયું છે.

આપણો દેશ એક દ્વીપકલ્પ છે. તે ગાઢ જંગલો, ઊંચા ઊંચા પર્વતો વિશાળ ગહન નદીઓ, સપાટ ભૂમિ, ફળદ્રુપ ભૂમિ અને રણપ્રદેશોની વિવિધતાથી ભરેલો છે.

આપણા દેશની વસ્તી લગભગ પંચાવન કરોડની છે. તે ધર્મ, સંસ્કૃતિ, ભાષા અને પ્રાંતની દૃષ્ટિએ જુદી જુદી છે. છતાં 'હિન્દુ અને મુસલમિન, ઈસાઈ, પારસી, જિનઃ દેવી, સમાન રીતે સંતાન સૌ તમારા !' આપણો આખો દેશ એકવીસ રાજ્યોમાં વહેંચાયેલો છે આ દરેક રાજ્યમાં વિવિધ મતમતાંતરો અને ધર્મો પ્રચલિત છે. આમ ઘણી વિવિધતા હોવા છતાં બધાં ભારતીયોમાં એકતાનાં દર્શન થાય છે. આ એકતાનું કારણ આપણી અતિપ્રાચીન ઐતિહાસિક સાંસ્કૃતિક પરંપરા છે.

આપણો દેશ લોકશાહીમાં માનનારો એશિયાનો સૌથી મોટો દેશ છે. તે સર્વ ધર્મોને સમાન ગણે છે. તે સર્વની સ્વતંત્રતામાં માને છે. આપણી સરકાર 'આપણા લોકોથી ચાલતી અને લોકો માટેની' છે. આપણા દેશનો રાષ્ટ્રધ્વજ ત્રિરંગી છે.

તેમાં કેસરી સફેદ અને લીલો એમ ત્રણ રંગના પટ્ટા અવેલા છે. જે ત્યાગ, શાંતિ અને ઉદારતાનાં પ્રતીક છે. વચ્ચે એક ચક્ર છે. જેને અશોકચક્ર કહે છે. તે પ્રગતિનું પ્રતીક છે.

આપણો દેશ ભારત એ ખેતીપ્રધાન દેશ છે. તેની મોટા ભાગની વસ્તી ગામડાંઓમાં વસે છે. તે કારણે આપણી સરકાર ખેતીને સૌથી મહત્ત્વની ગણે છે. તેના વિકાસ માટે તે સર્વ પ્રકારના પ્રયત્નો અને મદદ કરે છે. સાથે સાથે વૈજ્ઞાનિક પ્રગતિને ધ્યાનમાં રાખી યાંત્રિકીકરણને પણ મહત્ત્વ આપે છે.

આપણો દેશ–વેદો, ઉપનિષદો, મહાભારત, રામાયણ અને ગીતા જેવાં મહાકાવ્યોમાં વર્ણવેલ ઉદારતા, ત્યાગ, વીરતા અને અહિંસાની પરંપરાને અનુસરે છે. આ એવી પુણ્યભૂમિ છે જેણે ગૌતમબુદ્ધ, શંકરાચાર્ય, વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણ પરમહંસ, મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોને જન્મ આપ્યો છે. આજે પણ ભારતની વેદાંતી વિચારધારા પાસે પશ્ચિમના વિકસીત દેશોને આપવાનું ઘણું છે. યાદ રાખો, બાળકો, આવા મહાન ભારત દેશના તમે ભાવિ નાગરિકો છો. આવો આપણે સાથે મળીને પ્રાર્થીએ :

ઓ હિન્દ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં !

ચાહો બધાં પરસ્પર, સાહે બધાં પરસ્પર,
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

| | | | |
|---|---|---|---|
| લોકવાયકા | વેદાંતી વિચારધારા | વિકસીત દેશો | દ્વીપકલ્પ |
| ભાવિ નાગરીકો | મતમતાંતરો | ઐતિહાસિક | પુણ્યભૂમિ |
| યાંત્રિકીકરણ | વૈજ્ઞાનિક | સંસ્કૃતિક | |

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. નીચે આપેલાં વાકયોની પાઠના આધારે ખાલી જગ્યાઓ પૂરો.

૧. ભારત એક ........ છે.

૨. તેની વસ્તી લગભગ ........ ........ ની છે.

૩. આખો દેશ ........ રાજ્યોમાં વહેંચાયેલો છે.

૪. ભારતની એકતાનું કારણ ...... ...... ...... પરંપરા છે.

૫. આપણો દેશ ........ માં માનનારો ........ દેશ છે.

૬. આપણી સરકાર 'આપણા ...., .... અને .... ' છે

૭. ભારત એ ........ દેશ છે.

૮. તમે બધાં ભારતના ભાવિ ........ છો.

પ્રશ્ન ૨. નીચે આપેલાં વાકયો ખોટાં હોય તો તેને સુધારીને ફરીથી લખો.

૧. આપણા ભારતભૂમિની નામ છે ભારત.

૨. ભારતના વસ્તી લગભગ પંચાવન કરોડનો છે.

૩. આપણી સરકાર 'આપણી લોકોની, લોકોને અને લોકોનો' છે.

૪. આપણા દેશ લોકશાહીમાં માનનારી સૌથી મોટું દેશ છે.

૫. તેનું મોટીભાગની વસ્તી ગામડાંઓમાં વસ્યું છે

પ્રશ્ન ૩. નીચે આપેલાં બબ્બે વાકયોને જોડીને તેનું એક વાકય બનાવો.

૧. પૂર્વે બંગાળનો ઉપસાગર છે. દક્ષિણે હિંદી મહાસાગર છે.

૨. ઘણી જાતની વિવિધતા છે. બધા ભારતીયોમાં એકતાના દર્શન થાય છે

૩. તે સર્વ ધર્મોને સમાન ગણે છે. તે સર્વની સ્વતંત્રતામાં માને છે.

૪. આ પુણ્યભૂમિ છે. એણે ઘણા મહાપુરુષોને જન્મ આપ્યો છે.

૫. બાળકો તમે ભારતનાં છો. તમે ભારતના ભાવિ નાગરિકો છો.

પ્રશ્ન ૪. નીચે આપેલાં વાક્યોના લીટી દોરેલા શબ્દોને ધ્યાનમાં રાખી સમાનાર્થી વાક્યો આપો.

૧. આપણી **માતૃભૂમિનું** નામ ભારત છે.

**ઉદાહરણ** : આપણી જન્મભૂમિનું નામ ભારત છે.

૨. **ધાર્મિક, સાંસ્કૃતિક, ભાષાકીય** અને **પ્રાંતીય** દષ્ટિએ તે જુદી છે.

૩. **અતિપ્રાચીન, ઐતિહાસિક, સાંસ્કૃતિક** પરંપરા છે.

૪. તેના વિકાસ માટે તે **સર્વ પ્રકારના પ્રયત્નો** કરે છે.

૫. પરિચયના **વિકસિત** દેશોને આપવાનું ઘણું છે.

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.

૧. દેશ ૨. ધર્મ ૩. હિંસા ૪. પ્રાચીન ૫. ઉદારતા

પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દોનો તમારાં વાક્યોમાં ઉપયોગ કરી બતાવો.

૧. દ્વીપકલ્પ ૨. પ્રાંતીય ૩. ઐતિહાસિક ૪. સાંસ્કૃતિક ૫. લોકશાહી
૬. મતમતાંતર ૭. લોકવાયકા ૮. લોકશાહી

પ્રશ્ન ૭. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

૧. તમે કયા દેશના ભાવિ નાગરિક છો ?
૨. ભૌગોલિક દૃષ્ટિએ ભારત કેવો પ્રદેશ છે ?
૩ ભારતની વસ્તી કેટલી છે ?

૪. લોકશાહી એટલે શું ?

૫. આપણી સરકાર કોને મુખ્ય મહત્વ આપે છે ?

૬. 'આપણા લોકોની, લોકોથી, અને લોકો માટે' નો અર્થ સમજાવો.

૭. ભારત કોની પરંપરાને અનુસરે છે ?

૮. બાળકોની પ્રાર્થના શું છે ?

પ્રશ્ન ૮. 'ભારત દેશ' ને તમારા શબ્દોમાં દશથી પંદર વાક્યોમાં વર્ણવો.

પાઠ નવમો

## ઋતુઓ

શિયાળે શીતળ વા વાય,
પાન ખરે ઘઉં પેદા થાય,
પાકે ગોળ, કપાસ, કઠોળ,
તેલ ધરે, ચાવે તંબોળ.

ધરે શરીરે ડગલી, શાલ,
ફાટે ગરીબ તણા પગ-ગાલ,
ઘટે દિવસ, ઘણી મોટી રાત,
તનમાં જોર મળે ભલી ભાત....૧.

ઉનાળે ઊંડાં જળ જાય,
નદી સરોવર જળ સુકાય,
પામે વનસ્પતિ સૌ પાન,
કેસૂડાં રૂડાં ગુણવાન.

સારા હોજ ફુવારા બાગ,
પ્યારાચંદન પંખા લાગ,
બોલે કોયલ મીઠા બોલ,
તાપ પડે તે તો વણ સોલ....૨.

ચોમાસું તો ખાસું ખૂબ,
દીસે દુનિયા ડૂબાડૂબ,
મોર ઉચ્ચારે રાગ મલાર,
ખેતર વાવે ખેતીકાર.

ચંપા, ચમેલી, જૂઇ, જાઈ,

ફૂલ ગુલાબ ભલાં ફુલાય,

છત્રી ચોમાસે સુખ માટ,

ચાખડીઓ હીંડોળા ખાટ….૩.

## ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દો

શીતળ વણતોલ ડૂબાડૂબ તંબોળ ચાખડીઓ

ખેતીકાર તણું હીંડોળો સુખ માટ ભલીભાત દીસે

## સ્વાધ્યાય

પ્રશ્ન ૧. નીચે આપેલાં વાક્યોની કાવ્યના આધારે ખાલી જગ્યાઓ પૂરો.

૧. શિયાળે વા વાય…….
……. ઘઉં પેદા થાય.

૨. પામે …….. સૌ પાન,
……..ફ્ડાં ……..વાન.

૩. …. ઊચ્ચારે …. મલાર.
ખેતર ………ખેતીકાર.

૪. સારા …… …… બાગ,
પ્યારા …… ….. લાગ.

૫. ધરે શરીરે …………,
…… ગરીબ તણાં ……

પ્રશ્ન ૨. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધ અર્થના શબ્દો આપો.

૧. શીતળ (ગરમ) ૨. ગરીબ ….
૩. ઘટવું …. ૪. ઊંડું ….
૫. વાવવું ….

પ્રશ્ન ૩. પૂછેલા પ્રશ્નોના કાવ્યના આધારે ઉત્તર આપો.

૧. કાવ્યમાં કઇ કઇ ઋતુઓનું વર્ણન કર્યું છે ?

૨ શિયાળામાં હવા કેવી હોય છે ?

૩ શિયાળામાં શું શું પાકે છે ?

૪. શયાળાના દિવસ અને રાત કેવાં હોય છે ?

૫. ઉનાળામાં કયાં ફૂલો ખીલે છે ?

૬. ઉનાળામાં ખાસ કયું પંખી ગાતું સંભળાય છે ?

૭. ચોમાસામાં કયાં કયાં ફૂલો થાય છે.

પ્રશ્ન ૪. નીચે આપેલી કાવ્યપંક્તિઓ ભૂલથી ઉપરનીચે થઈ ગઇ છે, તો તેને તેના ક્રમ પ્રમાણે ગોઠવો :—

૧. શિયાળે શીતળ વા વાય,
તેલ ધરે, ચાવે તંબોળ,
પાકે ગોળ, કપાસ, કઠોળ,
પાન ખરે ઘઉં પેદા થાય.

૨. નદી, સરોવર જળ સુકાય,
ઉનાળે ઊંડાં જળ જાયે,
કેસડાં રૂડાં ગુણવાન,
પામે વનસ્પતિ સૌ પાન.

પ્રશ્ન ૫. નીચે આપેલાં વાકય કથનને સુધારીને ફરીથી લખો :-

૧, શિયાળે ઊંડાં જળ જાય.

૨. ઉનાળે દીસે દુનિયા ડૂબાડૂબ

૩. ચોમાસે શીતળ વા વાય.

૪. ફૂટે અમીર તણાં પગ-ગાલ.

૫. છત્રી શિયાળે સુખ માટે.

પ્રશ્ન ૬. કોઇપણ એક ઋતુનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દોને તમારાં વાક્યોમાં પ્રયોગ કરો :—


શીતળ  ચાખડી  હીંડોળો  હોજ  કેસૂડો

પાઠ દસમો

# નવરાત્રિ


નવરાત્રિનો ઉત્સવ એટલે નવ રાતનો ઉત્સવ અથવા નોરતાં. આ ઉત્સવ ભારતના જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી રીતે ઉજવાય છે. આવો આપણે તેના વિશે કંઈક જાણીએ.

કેરળમાં આ ઉત્સવના મુખ્ય દિવસો છે દુર્ગાઅષ્ટમી, મહાનવમી અને વિજયાદશમી. આ ઉત્સવને તેઓ 'પૂજાવેઈપ'ના નામથી ઓળખે છે. તેઓ દેવી સરસ્વતી સામે પુસ્તકો મૂકી તેની પૂજા કરે છે. દસમે દિવસે તે પુસ્તકો લઈ લેવામાં આવે છે. તે વિધિને 'પૂજા વેડુપ' કહે છે ત્યાર પછી લોકો થોડો સમય વાંચનનું કામ કરે છે. આ શુભ દિવસે નાનાં બાળકોની પાસે 'હરિશ્રી ગણપતયે નમઃ' લખાવી તેમનો વિદ્યારંભ પણ કરવામાં આવે છે.



તામિલમાં આ ઉત્સવ 'કોલુ' નામથી ઉજવાય છે. આ નવ દિવસ તેઓ ઘરમાં શણગારેલી કઠપૂતળીઓ, પ્રતિમાઓ અને આકર્ષક ચીજો સુંદર રીતે ગોઠવીને મૂકે છે. તે ગોઠવણને 'કોલ' કહે છે. સ્ત્રીઓ પોતાની ઓળખીતી બહેનપણીઓને બોલાવી હળદર કંકુ લગાવે છે. પ્રસાદ વહેંચે છે અને ભજન કીર્તન કરે છે.

મૈસૂરમાં આ તહેવાર દશેરાના નામથી ઉજવાય છે. પહેલાંના જમાનામાં રાજા પૂર્ણ શણગાર સજી હાથીની સવારી કાઢતા, જે જોવા દૂર દૂરથી લોકો ભેગાં થતાં. આ સવારીને




'જંબુસવારી' કહે છે. લોકો સપ્તમીએ સરસ્વતીની, અષ્ટમીએ દુર્ગાની અને નવમીએ આયુધની પૂજા કરી દસમીએ ઉત્સવની પૂર્ણાહુતિ કરે છે.

ઉત્તર ભારત, ઓરિસા અને બંગાળ જેવા પ્રાંતોમાં પણ દશેરા ખૂબ ધામધૂમથી ઉજવાય છે. આ દિવસોમાં મહિષાસુરનું હનન કરતી દેવી દુર્ગાની પ્રતિમા સ્થાપિત કરી તેની પૂજા કરવામાં આવે છે. લોકો આ દિવસોમાં સારાં સારાં વસ્ત્રો પહેરે છે. ઘણાં વ્રત ઉપવાસ પણ કરે છે. નવમા દિવસે આયુધ પૂજા કરવામાં આવે છે. દસમા દિવસે દુર્ગાદેવીની પ્રતિમાની પૂજા કરી, સરઘસ કાઢી ધામધૂમથી પાસે આવેલી નદી કે તળાવમાં તેનું વિર્જન કરવામાં આવે છે.

ઉત્તર ભારતમાં દુર્ગાપૂજન સાથે રામ–લીલા પણ યોજાય છે. તે છેલ્લા દિવસે રાવણના મોટા પૂતળાને બાળીને ભસ્મીભૂત કરવામાં આવે છે. તે અસત્ પર સત્‌નો વિજય દર્શાવે છે.

ગુજરાતમાં આ અંબામાતનો ઉત્સવ ગણાય છે. નાની છોકરીઓ કાણાવાળાં માટલામાં અખંડ દીવો રાખે છે. રાત્રે માનાં ગીત–ગરબા ગાય છે. દશેરાના દિવસે સિમળાનું ઝાડ પુજાય છે. પહેલાંના રાજાઓ આ દિવસે હાથીની સવારી કાઢી ગામની સીમા ઓળંગી સિમળીનું

પ્રશ્ન ૬. આપેલાં ચિત્રોને ધ્યાનમાં રાખી તેના વિશે પાંચ પાંચ વાક્યો લખો.



શ્રી સરસ્વતી પૂજા



ગરબા

૨. દસમા દિવસે દુર્ગાદેવીની પ્રતિમાની પૂજા કરી, સરઘસ કાઢી ધામધુમથી પાસે આવેલી નદી–તળાવમાં તેનું વિસર્જન કરવામાં આવે છે.

૩. છેલ્લા દિવસે રાવણના પુતળાને બાળીને ભસ્મીભૂત કરે છે અને તેને 'અસત્ પર સત્'નો વિજય માનવામાં આવે છે.

૪. પહેલાંના રાજાઓ આ દિવસે હાથીની સવારી કાઢી ગામની સીમા ઓળંગી, સિમળાનું ઝાડ પૂજી પાછા વળતા.

પ્રશ્ન ૩. નીચે આપેલા શબ્દોનો અર્થ સમજાવો :—

૧. નોરતાં, ૨. કોલુ, ૩ દશેરા, ૪. પૂજાવેઇપ, ૫. પૂજા વેડુપ, ૬. જંબુસવારી.

પ્રશ્ન ૪. નીચેનાં કથનોને સુધારીને ફરીથી લખો :—

૧. ગુજરાતમાં આ દુર્ગામાતાનો ઉત્સવ ગણાય છે.
૨. પ્રતિમા યાત્રાને જંબુસવારી કહે છે.
૩. તામિલમાં સાથે સાથે રામ–લીલા યોજાય છે.
૪. ઉત્તર ભારતમાં તેને પૂજાવેઈપ કહે છે.
૫. દશેરાના દિવસે પીપળાનું ઝાડ પૂજાય છે.

પ્રશ્ન ૫. પહેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :—

૧. ગુજરાતમાં નોરતાં કેવી રીતે ઉજવાય છે ?
૨. ઓરિસા પ્રાંતમાં દશેરા કેવી રીતે ઉજવાય છે ?
૩. મૈસુર રાજ્યમાં દશેરા કેવી રીતે ઉજવાય છે ?
૪. તામિલનાડુમાં દશેરા કોનો ઉત્સવ છે ? તે ત્યાં કેવી રીતે ઉજવાય છે ?